# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ રાજયની તમામ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ બુનિયાદી.ઉ.પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમા ધરાવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ અને સંચાલકશ્રીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમાના માર્ચ-૨૦૨૩ ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ:-૧૬/૧૨/૨૦૨૨ સુધી હતી, રેગ્યુલર ફી સાથે આવેદનપત્રો ભરવાની અંતિમ તારીખ ૨૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવે છે. ત્યારબાદ તારીખ:-૨૨/૧૨/૨૦૨૨ થી તા.૧૦/૦૧/૨૦૨૩ ત્રણ તબક્કાઓ સુધી લેઇટ ફી સાથે આવેદનપત્રો ભરી શકાશે. લેઇટ ફી ના તબક્કાઓ અને ફી નીચે પ્રમાણે છે.

પ્રથમ તબક્કો– તારીખ:-૨૨/૧૨/૨૦૨૨ થી ૨૬/૧૨/૨૦૨૨ સુધી લેઇટ- રૂ.૨૫૦/-
દ્વિતીય તબક્કો – તારીખ:-૨૭/૧૨/૨૦૨૨ થી ૦૫/૦૧/૨૦૨૩ સુધી લેઇટ- રૂ.૩૦૦/-
તૃતીય તબક્કો –તારીખ:-૦૬/૦૧/૨૦૨૩ થી ૧૦/૦૧/૨૦૨૩ સુધી લેઇટ- રૂ.૩૫૦/-

અંતિમ તારીખ:-૧૦/૦૧/૨૦૨૩ સુધી કોઇપણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાશે. જે માટે કોઇ અલગથી ફી ભરવાની રહેશે નહી.

વિદ્યાર્થીનું Principal Approval બાકી હોય તો તે પણ તારીખ:-૧૦/૦૧/૨૦૨૩ (રાત્રીના ૧૨ કલાક) સુધી કરી શકાશે.

બોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ સાથે ઓનલાઇન અને ઓફલાઇન ફી ભરવા સંબંધિત સ્પષ્ટ સૂચનાઓ ધ્યાને લેવી.

નોંધ:- વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓને નિયમિત પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવેલ છે. લેઇટ ફી માંથી કોઇપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને મુક્તિ નથી.

(તરૂલતા પટેલ)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ:ગાંધીનગર
તા.૧૬/૧૨/૨૦૨૨